દાદા ભગવાન પરિવારનું

જૂન ૨૦૨૩

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# હું આવો કેમ છું?

## સંપાદકીય

મિત્રો,

ધારો કે એક દિવસ તમને બે જુદા બૉક્સમાં ગિફ્ટ મળે, એક બૉક્સ બહારથી સરસ મજાનું ડેકોરેટ થયેલું છે, પણ અંદર ગંદી બગડેલી કેક છે. બીજું બૉક્સ બહારથી સરસ નથી દેખાતું પણ અંદર એક ટેસ્ટી કેક છે. તો તમને ક્યા બૉક્સની વૅલ્યૂ વધારે હશે ? બીજાની. કરેક્ટ ? અને ભલે પછી કોઈ બીજા બૉક્સનું ગંદું ડેકોરેશન જોઈને એની મશ્કરી કરે, તમને તો અંદરની કેકની જ વૅલ્યૂ હશે.

જો અન્ય વસ્તુઓમાં આપણને આ સમજણ પડે છે, તો આપણી જાતમાં કેમ નહીં ? કેમ આપણે આપણા બહારના દેખાવને અંદરના ગુણો કરતા વધારે વૅલ્યૂ આપીએ છીએ ? કેમ કોઈના ચીઢવવાથી આપણે ચિઢાઈ જઈએ છીએ ?

ચાલો, આ અંકમાં સમજીએ કે બહારના દેખાવની વૅલ્યૂ કેટલી અને સાચી સમજણનું મૂલ્ય શું ?

-ડિમ્પલ મહેતા


# અક્રમ એક્સપ્રેસ

વર્ષ : ૧૫, અંક : ૧૦
સળંગ અંક : ૧૭૮
જૂન ૨૦૨૩

Editor : Dimple Mehta

Printer & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
પાંચ વર્ષ
ભારત : ૧,૦૦૦ રૂપિયા
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



© 2023, Dada Bhagwan Foundation
All Rights Reserved

# જ્ઞાનીઓ કહે છે...

**પ્રશ્નકર્તા** : હું તોતડું બોલું છું એટલે બધા મારી મશ્કરી કરે છે. ત્યારે મને બહુ દુઃખ થાય છે. તો મારે શું કરવું ?

**પૂજ્યશ્રી** : સાવ ના બોલી શકે એવા મૂંગા માણસો હોય છે ને ? આપણે બોલી તો શકીએ છે ને ? એટલે ખુશ થવાનું. કેટલાક બોલી નથી શકતા, તો કેટલાક કાને બહેરા હોય છે. આપણે તો બોલી શકીએ છીએ અને સરસ સાંભળી પણ શકીએ છીએ. મોટા થઈશું ને, એટલે ફેરફાર થઈ જશે. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો' બોલવાના, એટલે ચોખ્ખી, શુદ્ધ વાણી થતી જાય. 'દાદા મને સરસ બોલાય એવી શક્તિ આપો', એવું માગવાનું.

એ ચીઢવે તો આપણે ચિઢાવાનું નહીં. આપણે ચિઢાઈએ જ નહીં, તો એને મજા જ ના પડે. એટલે એ થાકી જશે અને ચીઢવવાનું બંધ કરી દેશે. એ ચીઢવે અને આપણે ચિઢાઈએ તો પછી એને મજા પડે. એટલે એ વધારે ચીઢવે.

**પ્રશ્નકર્તા** : મને બધા સ્કૂલમાં ઠીંગણો કહીને ચીઢવે છે. મને બહુ દુઃખ થાય છે.

**પૂજ્યશ્રી** : તારાથી ટૂંકા છોકરાને તારી બાજુમાં ઊભો રાખે તો તું લાંબો કહેવાઉ કે નહીં ? તો તું ખરેખર ઠીંગણો છું કે લાંબો છું ? ટૂંકાના આધારે તો તું લાંબો જ કહેવાય. લાંબા માણસ પાસે આપણે ટૂંકા લાગીએ. એટલે એવું બધું લોકો કહે એ આપણે માનવાનું નહીં.

આપણે કોઈની વાતોની અસર નહીં થવા દેવાની.

આપણે એની સાથે ગુસ્સો નહીં કરવાનો અને એને દુઃખ નહીં આપવાનું. કોઈ મજાક ઉડાવે તોય આપણે આનંદમાં રહેવાનું. આપણે શું કામ દુઃખી થવાનું ?



# આ તો નવી જ વાત !

સ્વભાવ એટલે ઈનર બ્યૂટી કહેવાય.
સ્વભાવ ખરાબ હોય અને ગમે તેવા
રૂપાળા હોય, તોય સારા ના કહેવાય ને ?

દા.ત. કોઈ જેમ તેમ લોકોનું અપમાન કરે
તો એ વ્યક્તિ ગમે એવી રૂપાળી દેખાતી
હોય તોય કોઈને સહેજેય ના ગમે.





બહાર જરાય સારા ના દેખાતા હોય, પણ સ્વભાવ સારો હોય તો બધાના પ્રેમપાત્ર થાય.

દા.ત. જે વ્યક્તિ બધા સાથે હળીમળીને રહે, બધાને હેલ્પ કરે, બધાના મન જીતી લે, એ રૂપાળા ના દેખાતા હોય તોય બધાને ગમે.



બહારનું રૂપ તો એક દિવસ ક્યાંય બગડી જશે.

દા.ત. એક્સિડન્ટ, માંદગી કે ઉંમરના કારણે બહારનું રૂપ બગડી શકે. પણ અંદરના સુંદર ગુણો, જે બીજાને અને પોતાને સુખ આપે, તે કાયમ આપણી સાથે જ રહે.




'હાય જાડી, કેટલા ગુલાબજાંબુ ખાઈશ ?'

નિરજાએ ગુલાબજાંબુ મોઢામાં મૂક્યું જ હતું, ત્યાં તો એની કઝીન રાધિકાએ પાછળથી આવીને એને ટોકી. ગુલાબજાંબુ તો અંદર જતું રહ્યું પણ એનો ટેસ્ટ સાવ ગાયબ થઈ ગયો.

'અરે, માય ગોલગપ્પુ ! તારું મોઢું કેમ બગડી ગયું ?' રાધિકાએ નિરજાના ગાલ ખેંચીને પૂછ્યું.

"ત્રીસ સેકન્ડની અંદર 'જાડી' અને 'ગોલગપ્પુ' સાંભળીને મોઢું ના બગડે તો શું થાય, દીદી ?" નિરજાએ મોઢું ફુલાવીને પ્લેટ ટેબલ પર મૂકી દીધી અને એક ખૂણામાં જઈને બેસી ગઈ. એ આસપાસ લોકોને જોવા લાગી.

'પાર્ટીમાં બધા જ એન્જૉય કરી રહ્યા છે, મારા સિવાય ! હું બધા કરતા આટલી ડિફરન્ટ કેમ છું ? બધા કેટલા મસ્ત દેખાય છે, અને હું... હું આટલી જાડી કેમ છું ? બધા જેવી કેમ નથી ?' નિરજા વિચારોમાં ખોવાયેલી હતી ત્યાં તો રાધિકા એની પાસે આવીને બેઠી.

'સૉરી, માય ડિયર ! તને ખરાબ લાગી ગયું ? હું તો મજાક કરતી હતી !' રાધિકાએ ગુલાબજાંબુની પ્લેટ નિરજાને ઑફર કરી પણ એણે ના લીધી.

'નિરજા, મારે તારી મશ્કરી નહોતી કરવાની. પણ, તારે તારી હેપિનેસનું રિમોટ કંટ્રોલ કોઈને ના આપવું જોઈએ. મને પણ નહીં. મારા આવતા પહેલા તો તું ખુશ જ હતી ને ?'

'શું, રિમોટ કંટ્રોલ ?'

"જાડી, પાતળી, લાંબી, ઠીંગણી... કોઈ કંઈ પણ કહે, એમાં આપણે શું કામ દુ:ખી થઈ જઈએ ? આપણી હેપિનેસની સ્વિચ 'ઑફ' કોઈ બહારથી કેવી રીતે કરી શકે ?!" રાધિકાએ કહ્યું.

'હા, વાત તો સાચી છે, દીદી !' નિરજાએ ધીમા અવાજમાં કહ્યું.

'હંમેશાં યાદ રાખજે, પરફેક્ટ લુક કે પરફેક્ટ બૉડીમાં ખુશી નથી. એ બધું તો આજે છે અને કાલે નથી. ખુશી તો...' બોલતા બોલતા રાધિકાની નજર ક્યાંક અટકી ગઈ.

'શું ?' નિરજાને આગળ સાંભળવું હતું.

'અત્યારે તો ખુશી ડાઈનિંગ ટેબલ પર પડેલા પેલા પિઝામાં અને ફેમિલી સાથે ગેમ્સ રમવામાં છે. ચલ, એન્જૉય કરીએ.' રાધિકાએ આંખ મટકાવી.

'ઓહ !' નિરજા હસી પડી, 'તમે જાઓ, હું આવું છું .'

રાધિકા ત્યાંથી નીકળી ગઈ. પણ એની વાતો નિરજા પાસે રહી ગઈ.

એ દિવસ પછી જ્યારે જ્યારે કોઈની મજાકથી નિરજાનો મૂડ ઑફ થતો ત્યારે એને રાધિકાની વાત યાદ આવી જતી. પણ એની હેપિનેસની સ્વિચ 'ઑન' નહોતી થતી. એનું કારણ એ હતું કે એ પોતે પણ એવું જ માનતી હતી કે એ જાડી છે અને એની ફ્રેન્ડ્સ જેવી સરસ નથી દેખાતી. અને એટલે જ એ ક્યારેય ડ્રામા કે કોઈ પણ સ્ટેજ ઍક્ટિવિટિઝમાં ભાગ નહોતી લેતી.

તે વર્ષે ડ્રામામાં ભાગ લેવાનો એક સ્પેશિઅલ ફાયદો હતો. આશિતા સોની, જે 'લિટલ સ્ટાર્સ' ડ્રામા સ્કૂલના ફાઉન્ડર હતા, તેઓ નિરજાની સ્કૂલનો ડ્રામા જોઈને બેસ્ટ પરફૉર્મર્સને પોતાની ડ્રામા સ્કૂલમાં

એડમિશન આપવાના હતા.

'નિરજા, તું પણ ડ્રામામાં ભાગ લે ને ! કમ-ઑન યાર, સિલેક્શન થશે તો આશિતા મેમની ડ્રામા સ્કૂલમાં પરફૉર્મ કરવા મળશે !' અમીએ નિરજાને મનાવવાની કોશિશ કરી.

પણ, નિરજાને ખાતરી હતી કે એ એટલી જાડી છે કે ક્યારેય સિલેક્ટ નહીં થાય. દિલની વાત કહેવાને બદલે એણે કહ્યું, "અરે, તમે બધા પરફૉર્મ કરજો ને ! હું ઑડિયન્સમાં બેસીને તમારા માટે તાળી પાડીશ."

દિવસો સુધી સ્કૂલમાં આશિતા મેમની ચર્ચાઓ થતી રહી.

'ખબર છે આશિતા મેમ આપણી સ્કૂલમાંથી જ પાસ આઉટ થયા છે. એટલે જ આપણી સ્કૂલના બાળકો માટે એમને સ્પેશિઅલ લગાવ છે.'

'એ તો મારા દીદીના ક્લાસમેટ હતા. સ્કૂલના મોસ્ટ ફેવરિટ સ્ટૂડન્ટ હતા.'

'એમની ડ્રામા સ્કૂલ કેટલી ફેમસ છે ! ત્યાંથી શીખીને સ્ટેજ પર પરફૉર્મન્સ આપવાની કેટલી મજા આવશે !'

આ બધી વાતો સાંભળીને નિરજાને થતું, "કાશ ! મારામાં પણ આ બધા જેવો કૉન્ફિડન્સ હોત !" કાશ મારામાં 'હું કેવી લાગું છું'નો ડર ના હોત ! કોઈ જાદુ થાય અને હું પણ સ્ટેજ પર જઈને પરફૉર્મ કરું અને સિલેક્ટ થઈ જઉં, તો કેવી મજા પડે !"

પણ કોઈ જાદુ ના થયું અને ડ્રામાના દિવસે નિરજા હંમેશની જેમ ઑડિયન્સમાં જ બેઠી હતી.

'વેલકમ, વેલકમ... માય ડિયર આશિતા' પ્રિન્સિપલ મેડમે અનાઉન્સ કર્યું.

તાળીઓ પડી અને આગલી હરોળના બધા



જ ટીચર્સ અને સ્ટાફ ઊભા થઈ ગયા. આશિતા મેમની એક ઝલક જોવા માટે નાનકડી નિરજા આતુર બની. આગળ ઊભેલા હાઈટવાળા લોકોની વચ્ચેથી એણે ડોકિયું કર્યું અને આશિતા મેમને જોઈને એની આંખો પહોળી રહી ગઈ.

બધા બેસી ગયા પણ નીરજા તો સ્ટૅચ્યૂ બનીને ઊભી હતી. પાછળ બેઠેલી છોકરીએ નિરજાનું શર્ટ ખેંચીને એને બેસવાનું કહ્યું ત્યારે એ હોંશમાં આવી.

'ઓહ સૉરી' કહી એ પોતાની સીટમાં ગોઠવાઈ ગઈ.

એ પછી ટીચર્સે આવીને આશિતા મેમના ખૂબ વખાણ કર્યા. પણ નિરજાનું ધ્યાન તો વાતો પર ઓછું અને આશિતા મેમ પર વધારે હતું. ડ્રામા શરૂ થઈ ગયો પણ નિરજા પોતાના વિચારોમાં જ ખોવાયેલી હતી, 'મેમ તો કેટલા જાડા છે ! કદાચ મારા કરતા પણ વધારે... તો પણ બધાના ફેવરિટ છે. અને આટલા સફળ પણ છે. બધાને ગમવા માટે કે સફળ થવા માટે સરસ દેખાવું જરૂરી નથી ? જો મેં ભાગ લીધો હોત તો એમણે મને સિલેક્ટ કરી હોત ?'

પણ હવે અફસોસ કરવાથી શું ફાયદો હતો ? તાળીઓ પડી અને ડ્રામા પૂરો થયો. આશિતા મેમે થોડા બાળકોને સિલેક્ટ કરીને ટીચરને એમના નામ આપ્યા. જે સિલેક્ટ થયા, એ બાળકો ખુશ હતા અને જે ના થયા એ દુઃખી. નિરજા તો એમના કરતા પણ વધારે દુઃખી હતી કારણ કે એણે ટ્રાય પણ નહોતો કર્યો.

બીજા દિવસે એ જ દુઃખનો ભાર લઈને એ સ્કૂલે પહોંચી.

'એક ગુડ ન્યૂઝ છે.' ટીચરે અનાઉન્સ કર્યું. શું ન્યૂઝ છે એ જાણ્યા વગર જ બાળકોએ તાળીઓ પાડી. નિરજાને તો કોઈ જ વાતમાં ઈન્ટરેસ્ટ નહોતો. પણ જ્યારે ટીચરની વાત સાંભળી ત્યારે એ વાતથી વધારે બીજી કોઈ વાતમાં ઈન્ટરેસ્ટ ન રહ્યો.

'આશિતા મેમને આપણી સ્કૂલના બાળકોનું પરફૉર્મન્સ ખૂબ ગમ્યું છે. એટલે વધુ બાળકોનું ઑડિશન લેવા માટે આજે એ ફરી સ્કૂલે આવવાના છે. જેમને ઈચ્છા હોય તે પોતાનું નામ આ પેપર પર લખીને મને આપે.'

નિરજાના ઑડિશનથી આશિતા મેમ ખૂબ ખુશ થયા અને એને તરત સિલેક્ટ કરી લીધી. બધાનું



ઑડિશન પત્યું એટલે આશિતા મેમે નિરજાને પોતાની પાસે બોલાવી, 'બેટા, તું કેટલું સરસ પરફૉર્મ કરે છે. તેં ડ્રામામાં ભાગ કેમ નહોતો લીધો ?'

આશિતા મેમની પર્સનાલિટી એટલી સૌમ્ય હતી કે નિરજાએ પોતાના દિલની બધી જ વાતો એમને કહી દીધી. અને પછી ધીમેથી પૂછ્યું, 'મેમ, તમે જ્યારે મારી ઉંમરના હતા ત્યારે શું...' આગળ એનાથી બોલાયું નહીં, પણ આશિતા મેમ સમજી ગયા.

'હા, ત્યારે હું તારાથી પણ વધારે ગોલગપ્પુ હતી. મારા ક્લાસમેટ્સની કપડાંની સાઈઝમાં તો હું ફિટ નહોતી થતી' બોલતા બોલતા એ થોડું હસી પડ્યા, 'પણ એ લોકો મારી મશ્કરી કરી જાય, તોય એમની સાથે આરામથી ફિટ થઈ જતી હતી. અને એટલે જ હંમેશાં હેપ્પી રહેતી હતી અને આજે પણ રહું છું.'


'તને લાગે છે કે તું તારા ફ્રેન્ડ્સ જેવી સરસ નથી દેખાતી, હે ને ?' મેમે પૂછ્યું.


'હા.'

"બેટા, બધાની 'સરસ'ની વ્યાખ્યા અલગ અલગ હોય. જે બહારથી સરસ દેખાય એ અંદરથી હેપ્પી હોય કે ના પણ હોય. પણ જે અંદરથી હેપ્પી હોય એ હંમેશાં બહારથી સરસ જ દેખાય ! તું પણ હેપ્પી રહીશ ને ?"


નિરજાએ મોઢું હલાવીને 'હા' કહી. એને રાધિકાદીદીએ કહેલા 'હેપિનેસના રિમોટ કંટ્રોલ'ની વાત યાદ આવી. અને તે દિવસે એણે નક્કી કર્યું કે, "'હું કેવી લાગું છું' એમ વિચારીને ક્યારેય મારી હેપિનેસ સ્વિચ 'ઑફ' નહીં કરું."




વન ફિન ડોલ્ફિન
એક ક્રૂઝ શિપ સમુદ્રની વચ્ચે આવીને ઊભી રહી. લેમી અને ઓલીવરે હંમેશની જેમ ફ્રી સ્ટાઈલ ડાન્સ દેખાડ્યો.
ઓહ ! હું કેમ આ લોકો જેવું નથી કરી શકતી ?! મારી પાસે કેમ બે ફિન (પાંખ) નથી ?
જો હું પણ આવો ડાન્સ કરી શકું તો બધાને કેટલી ગમું !
વીની, આવો ડાન્સ કરવા માટે બે ફિન જોઈએ. તને આ વાત સમજાતી નથી ?
વીની ! ઓલીવરની વાતનું ખરાબ ના લગાડતી.
અરે વીની તું અહીંયા છે. હું તને ક્યારનો શોધતો હતો.




વીનીએ ઝડપથી પોતાના એક ફિનથી કોકોને ઉઠાવીને એક પથ્થર પર મૂક્યો.
અરે ! શું થયું ?
શ... કાંઈક અહીંયા આવે છે.
ત્યાં તો અચાનક, ઓલીવર સુપર સ્પીડમાં આવ્યો.
વોહો ! થેન્ક્સ વીની. જો તેં મને ના ખસેડ્યો હોત, તો હું તો ઓલીવરના જાયન્ટ બૉડી નીચે છુંદાઈ ગયો હોત !
પણ તને ખબર કેવી રીતે પડી કે ઓલીવર આવે છે. એ તો અચાનક જ આવી ગયો !
મને કંઈક અવાજ સંભળાયો.
તું એટલો છોટું છે કે શરૂ થતા પહેલા જ પૂરો થઈ જાય છે ! કોઈને તું ક્યાંથી દેખાય ?!
રાઈટ ! હવે હું ગીત ગાઈશ એટલે તું મને જોઈ શકે !
કોકો, તને તારી નાની હાઈટનું દુ:ખ નથી ?
મારી સાઈઝ એ મારી ઓળખ નથી, વીની ! તો હું કેમ દુ:ખી થાઉં ?
વીની વિચારમાં પડી ગઈ.
એક દિવસ...
ચલ લેમી, ક્રૂઝ શિપ આવી ગઈ છે. આપણો જલવો દેખાડીએ.
ચલ.


વીની ઉદાસ થઈને એક પથ્થર પર બેઠી હતી. ત્યાં તો એને એક વિચિત્ર અવાજ સંભળાયો.
ઉપર ઊઠીને જોયું તો,
ઓહ નો ! લેમી અને ઓલીવરને ચેતવવા પડશે.
એ બેઉ મારી વૉર્નિંગ વિસલ સાંભળી કેમ નથી રહ્યા ?
ત્યાં તો માણસોએ લેમી અને ઓલીવર પર જાળ પાથરી દીધી.
જરાય ટાઈમ વેસ્ટ કર્યા વગર વીનીએ એક પ્લાન બનાવ્યો અને કોકોને જઈને સમજાવ્યો.
થોડીક જ વારમાં કોકો એના બીજા ફ્રેન્ડ્સને લઈને જાળ પાસે આવી ગયો. બધાએ કામ શરૂ કરી દીધું.


કોકો એન્ડ ફ્રેન્ડ્સે પોતાના શાર્પ પંજાથી જાળ તોડીને ઓલીવર અને લેમીને ફ્રી કરી દીધા.
આઈ એમ સૉરી, ફ્રેન્ડ્સ. જે ડાન્સના ઘમંડથી તમને નીચા જોતો હતો, આજે એનાથી જ ફસાઈ ગયા. અને તમે અમને બચાવી લીધા.
થેન્ક્સ ટૂ વીની કે એના સાંભળવાના શાર્પ પાવરના કારણે એણે ટાઈમસર અમને બોલાવી લીધા.
આજે સમજાયું કે 'એક ફિન' મારી ઓળખ નથી. જે મારી પાસે નથી એમાં દુઃખી નથી થવું, પણ જે છે એમાં હેપ્પી રહીને બધાની હેલ્પ કરવી છે.


AALOO CHILLY
Today's Special:
ન્યૂ ફ્રેન્ડ વૉન્ટેડ
એય જાડિયા ! જોજે બેન્ચ તૂટી ના જાય.
એય ! જાડિયા કોને કહ્યું ?
બીજા દિવસે...
આલુ, આ શું છે ?
મેં ક્રેશ ડાયટ કૉર્સ ચાલુ કર્યો છે. એક મહિનામાં દસ કિલો વેટ લૉસ થશે.



આ શું ?
ન્યૂ ફ્રેન્ડ વૉન્ટેડ
જે મને ખભે ઊંચકે, મારી
સાથે ચીલી આઈસ્ક્રીમ
ખાય અને ફની હોય.
- ચીલી
NEW FRIEND
WANTED
ABOUT THE
ચીલી, હું ક્યાં
તને છોડીને
જવાનો છું ?
પણ ડાયટ કરીને તું વીક થઈ ગયો તો
મને કેવી રીતે લઈશ ? આઈસ્ક્રીમ
ખાવા કેવી રીતે જઈશ ? સ્ટ્રેસના
લીધે ફની કેવી રીતે રહીશ ?
આલુ, તું મને જેવો
છે એવો જ ગમે છે.
ઑરિજિનલ !
ઓ ચીલી,
તું બેસ્ટ છે,
હું હવે ઑરિજિનલ જ
રહીશ.

## 5th June

આપેલા કોડ (સરવાળા - બાદબાકી) પ્રમાણે કલર પૂરી ચિત્ર પૂરું કરો.

## World Environment Day

| | | |
|---|---|---|
| 2 = pink | 3 = blue | 4 = green |
| 5 = orange | 6 = purple | 7 = yellow |






રીઝોએ આ મહિને રાયપુર, છત્તીસગઢની ટિકિટ બુક કરી છે. રિટર્ન ટિકિટ એક મહિના પછીની છે. ગ્રુપમાં તો ધમાલ મચી ગઈ છે. થીઓ નૉન સ્ટૉપ રાયપુરના ફેમસ સ્ટ્રીટ ફૂડ જેવા કે જલેબી, પરાઠા, ભજીયાના વિડિયો જોઈ રહ્યો છે. ઝોઈ ત્યાંના વિવેકાનંદના સ્ટૅચ્યૂનું રિસર્ચ કરી રહી છે. પણ, જીફ્ફી થોડો કન્ફ્યૂઝ છે કે જે રીઝોએ સમ્મેત શિખરમાં કેટ-કેટલી ફરિયાદો કરી હતી તેણે રાયપુરની ટિકિટ કેમની બુક કરી ? અને ઉપરથી હંમેશાં ફોન કે ટેબલેટ પર જ સમય વિતાવે છે એ અત્યારે જુદા જુદા પેઈન્ટ બ્રશનું શૉપિંગ કેમ કરી રહ્યો છે ?



રીઝો, તું આ પેઈન્ટ બ્રશ કેમ લે છે ? અને આપણે રાયપુર કેમ જઈ રહ્યા છીએ ?



કારણ કે આપણે ત્યાં સાધના ધાંડ મેમ પાસે પેઈન્ટિંગ શીખવાના છીએ.



એ કોણ ?



સાધના મેમ એક આર્ટિસ્ટ છે, જેમને નેશનલ અવૉર્ડ, સ્ત્રીશક્તિ અવૉર્ડ, મહિલા શક્તિ સન્માન અને સાથે સાથે રાષ્ટ્રપતિ પાસેથી પણ અવૉર્ડ મળ્યો છે !



હેં ? આટલા સરસ આર્ટિસ્ટ છે ?



હા, અને એમની હાઈટ પણ મારી જેમ ઓછી છે, ફક્ત ત્રણ ફૂટ ત્રણ ઈંચ. અને તોય એ બધાના રોલ મૉડલ છે. એ ઘરની બહાર નીકળી નથી શકતા. એટલે ઘરમાં જ પેઈન્ટિંગ કરે છે. એટલું જ નહીં એ આર્ટના ક્લાસ પણ ચલાવે છે. એમની પાસે આશરે બાર હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ આર્ટ શીખી ચૂક્યા છે. એમના એક્ઝિબિશન રાયપુર, ભિલાઈ, ભોપાલ, નાગપુર, પુને અને ન્યૂ દિલ્હી જેવા શહેરોમાં થયા છે !



એક મિનિટ, એમની હાઈટ ત્રણ ફૂટ ત્રણ ઈંચ જ છે ?
એટલે કે રસોડાના પ્લૅટફૉર્મ જેટલી જ ! એ ઘરની
બહાર કેમ નથી નીકળતા ?



કેમ કે એ જન્મ્યા ત્યારથી એમને ‘ઑસ્ટિઓજેનેસિસ
ઈમ્પરફેક્ટા’નો રોગ છે. આ રોગના કારણે તેઓ બાર
વર્ષના હતા ત્યારથી સાંભળી પણ નથી શકતા.



ઑસ્ટિ... જેને... શું ?




એવો રોગ જેમાં હાડકાં નાજુક અને બરડ હોય છે. એટલે એમને વારે વારે ફ્રેક્ચર થાય છે. તોય એમણે ક્યારેય આર્ટ કરવાનું છોડ્યું નથી. અત્યાર સુધીમાં એમને ઍંસી ફ્રેક્ચર થયા છે. એમને સંભળાતું પણ નથી. તો પણ ક્યારેય તેઓ હું આવી કેમ છું ? એવું વિચારીને અટક્યા નથી. આટલી તકલીફ હોવા છતાં તેઓ જુદા જુદા પ્રકારના આર્ટ શીખ્યા છે અને અવૉર્ડ્સ પણ જીત્યા છે.



રીઝો, મારે પણ એમની પાસે આર્ટ શીખવું છે, તું મારા પણ
બ્રશ ઑર્ડર કરીશ ?

થીઓ એન્ડ ફ્રેન્ડ્સ તો સામાનમાં બ્રશ અને કલર્સ લઈને રાયપુર જવા રેડી થઈ ગયા છે. શું તમે પણ એવા વ્યક્તિને ઓળખો છો, જે ‘હું આવો કેમ છું ?’ એવું વિચાર્યા વગર પોતાના સપના પૂરા કરે છે ? તો એમનું નામ અને સ્ટોરી નંબર ૯૩૧૩૬૬૫૫૬૨ પર અમને ૧૫મી જૂન સુધી મોકલી આપશો.



બાળમિત્રો,
ગયા મહિનાના અંકમાં બ્રહ્માંડ પરની વાતો વાંચીને, તમે તમારી કલ્પનાનું બ્રહ્માંડ અને મહાવિદેહ ક્ષેત્રનું ડ્રોઈંગ ખૂબ સરસ બનાવ્યું છે...બધાને ખૂબ અભિનંદન... સૌથી સુંદર અને અંકને સંબંધિત ડ્રોઈંગ બનાવનાર શ્લોક પટેલ અને દ્રવ્યા મેવાડાને ખૂબ ખૂબ અભિનંદન...

Shlok Patel
12 yrs
Baroda



Dravya Mewada
12 yrs
Ahemdabad

# મને ઓળખો

**1.** એ કઈ ચીજ છે જે જેટલી વધે એટલી જ ઓછી થાય.

**2.** એવી ચીજ જેને આપણે ખાઈ શકીએ પણ જોઈ ના શકીએ.

**3.** એવો ક્યો ડ્રાઈવર છે જેને લાઈસન્સની જરૂર નથી હોતી.

**4.** એવું શું છે જે જેનું હોય એ જ જોઈ શકે અને માત્ર એક જ વાર જોઈ શકે.

**5.** એ કઈ વસ્તુ છે જે વરસાદમાં ગમે તેટલું પલળે પણ ભીનું ના થાય.

Akram Express
June 2023
Year : 15, Issue : 10
Conti. Issue No.: 178

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# ૪ થી ૧૨ વર્ષના બાળકો માટે યોજાયેલ સમર કેમ્પની ઝલક






**મને ઓળખો ના જવાબો:**
૧. ઉંમર, ૨. હવા, ૩. સ્ક્રૂ ડ્રાઈવર, ૪. સપનું, ૫. પાણી

**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.